## એન.એચ.એમ. અંતર્ગત ૧૧ માસના કરાર આધારીત ભરતી કરવા બાબત

જિલ્લા રક્તપિત્ત અધિકારીશ્રી ની કચેરી, વલસાડ માટે રાષ્ટ્રીય રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત રક્તપિત્ત રોગ માટે જિલ્લા આરોગ્ય સોસાયટી, લેપ્રસી સબ કમીટી વલસાડ દ્વારા એન.એચ.એમ અંતર્ગત કરાર અધારિત તદ્દન હંગામી ધોરણે જિલ્લા રક્તપિત્ત કચેરી,વલસાડ ખાતે જિલ્લા કક્ષાએ ૧ (એક) નોન મેડીકલ સુપરવાઇઝર (એન.એમ.એસ) ની જગ્યા માટે માસિક ફિક્સ પગારથી ૧૧ માસનાં કરારના ધોરણે નિમણુંક મેળવવા માગતાં ઉમેદવારો પાસે ઓનલાઇન અરજીઓ https://arogyasathi.gujarat.gov.in આપેલ લિંકમા તા: ૦૨/૧૨/૨૦૨૪ થી તા: ૧૨/૧૨/૨૦૨૪ દિન-૧૦ દરમ્યાન કરવાની રેહશે સદર ભરતી કરાર આધારિત હોવાથી અન્ય કોઈ હક્ક હિત મળવાપાત્ર થશે નહી તથા મુદત પુર્ણ થયેથી નિમણુંકની મુદત સમાપ્ત થશે. અન્ય શરતો સરકારશ્રી દ્વારા જે નિયત થયેલ છે તે ઉમેદવારને લાગુ પડશે.

ઉપરોક્ત પોસ્ટ માટેની જરૂરી લાયકાત, ઉંમર અંગેની સ્પષ્ટતા, માસીક વેતન તથા અનુભવ અંગેની દર્શાવતી વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | શૈક્ષણિક લાયકાત અને ઉંમર | ફિક્સ માસિક પગાર |
|---|---|---|---|---|
| ૧ | નોન મેડીકલ સુપરવાઇઝર (એન.એમ.એસ)<br>જિલ્લા રક્તપિત્ત કચેરી,વલસાડ ખાતે જિલ્લા કક્ષાએ | ૧ | (૧) બી.એસ.સી. સાથે આરોગ્ય ક્ષેત્રે ૫ વર્ષનો અનુભવ તેમજ કોમ્પ્યુટર ની જાણકારી<br>(૨) નોન મેડીકલ સુપરવાઈઝર ટ્રેનિંગ કમ્પ્લીશન સર્ટીફીકેટ સાથે લેપ્રસીની કામગીરીનો સરકારી અથવા NGO મા ૫ વર્ષનો અનુભવ તેમજ કોમ્પ્યુટર ની જાણકારી<br>વય મર્યાદા : ૧૮ થી ૬૫ વર્ષ સુધી | રૂ.૨૫૦૦૦/- |

### ઓનલાઈન ફોર્મ ભરવા અંગે ની જરૂરી સુચના

૧) ઉમેદવાર ની ફક્ત ઓનલાઇન https://arogyasathi.gujarat.gov.in માંPRAVESH>CURRENT OPENINGS પર મળેલ અરજી સ્વીકારવામાં આવશે. આર.પી.એ.ડી. સ્પીડ પોસ્ટ, કુરીયર કે સાદી ટપાલ દ્વારા અરજી ઓ માન્ય રેહેશે નહી .

૨) સુવાચ્ય ઓરીજનલ ડોકયુમેન્ટની ફોટો કોપી સોફ્ટવેરમાં ફરજિયાત અપલોડ કરવાની રેહેશે અને દરેક ઉમેદવારે ઈ.મેલ.આઈ.ડી. તેમજ મોબાઈલ નંબર ફરજીયાત આપવાનૂં રેહેશે.

૩) અધુરી વિગતો વાળી અરજી અમાન્ય રેહેશે.

૪) ઉમેદવાર એક કરતા વધુ અરજી કરી શકશે નહી

૫) વય મર્યાદા માટે જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવા ની છેલ્લી તા. ૧૨/૧૨/૨૦૨૪ ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

૬) નિમણુકને લગતો આખરી નિર્ણય જિલ્લા રક્તપિત્ત અધિકારીશ્રી ,વલસાડ નો રેહેશે

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી
જિલ્લા પંચાયત વલસાડ

Scanned with OKEN Scanner